જુનામાં જુનુ એટલે... ઇબ્રાહીમભાઇનું
ઝનકાર બ્રાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૬-૦૯-૨૦૨૪ ગુરૂવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

Sheetal
ANY TIME TASTY
Sheetal Noodles
© 73000 51000

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા વદ ૧૦ વર્ષ : ૨૮ અંક ૩૪૫

## એશિયાઇ સિંહોના રક્ષણ માટે કેન્દ્ર સરકારનો મહત્વનો નિર્ણય : ધારી, ખાંભા અને કુંડલા તાલુકાનો સમાવેશ

# ઇકો સેન્સિટિવ ઝોનમાં અમરેલીનાં ૭૨ ગામોનો સમાવેશ

**ગીર રક્ષિત વિસ્તાર હદથી ૧૦ કિ.મી. વિસ્તારનો ઇકો સેન્સિટિવ ઝોનમાં સમાવેશ થતો હતો તેમાં નવા ઝોનમાં જુનાગઢ, અમરેલી, ગીર સોમાનથને સામેલ કરાયાં**

**ગીર રક્ષિત વિસ્તાર ફરતે ત્રણ જિલ્લાના ૧૯૬ ગામ અને ૧૭ નદીઓને સમાવી : નવા ઝોનમાં ૨૪ હેકટરથી વધુ વન વિસ્તાર અને ૧.૫૯ હેકટર બિન જંગલનો સમાવેશ**



અમરેલી,

ગુજરાતના ગૌરવ સમાન 'એશિયાઈ સિંહ' એશિયા ખંડમાં માત્ર સૌરાષ્ટ્ર વિસ્તારના 'ગીર રક્ષિત વિસ્તાર'માં વસવાટ કરતા જોવા મળે છે ત્યારે આ સિંહો તેમજ વન્ય પ્રાણીઓના જતન માટે રાજ્ય સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે.

એશિયાઈ સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે કેન્દ્ર તેમજ ગુજરાત સરકાર દ્વારા ટેકનોલોજીની મદદથી સતત અનેકવિધ નવીન પ્રકલ્પો હાથ ધરવામાંઆવીરહ્યાછે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના વિશેષપ્રયાસોથી કેન્દ્ર સરકાર દ્વારા 'ગીર રક્ષિત વિસ્તાર'ના આજુબાજુનો કુલ ૧,૮૪,૪૬૬.૨૦ હેક્ટર વિસ્તારને 'ઈકો-સેન્સિટિવ ઝોન' જાહેર કરવા માટે પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે ગુજરાતીઓ માટે ગૌરવની ક્ષણ છે. આ જાહેરનામા મુજબ અભયારણ્યથી જાહેર થયેલ ઈકો-સેન્સિટિવ ઝોન વિસ્તારનું અંતર બાબતે સૌથી ઓછામાં ઓછુ કિ.મી. અને વધુમાં વધુ ૯.૫૦ કિ.મી. રાખવામાં આવ્યું છે.

(અનુ. પાના નં.૭)

## અમરેલીમાં જવાબદાર અધિકારીની જગ્યા ખાલી : નીચેના અધિકારીઓ પાસે ફોન ઉપાડવાનો સમય નથી

# અમરેલી જિલ્લામાં ખાણ ખનીજ વિભાગ ઘોર નિંદ્રામાં

**ત્રણ દિવસ પહેલા શેત્રુજી નદીમાં ખાણ ખનીજનાં નામે ડમ્પરનાં ડ્રાઇવરોનાં મોબાઇલ અને રોકડ રકમ લઇ જવાયાની ઘટનાથી ખળભળાટ : ભાવેશ સાધુ નામના અધિકારી પાસે તો મિડીયાનો ફોન રીસીવ કરવાનો સમય નથી : લોકોનાં નોકર પાસે સમય રહે તેવી સગવડ સરકારે કરવી જોઇએ**


અમરેલી,

અમરેલીમાં ખાણખનીજ વિભાગ હેઠળ સૌરાષ્ટ્રની બીજા નંબરની મોટી શેત્રુજી સહિતની અનેક કિમતી ખનીજ સંપતિ ધરાવતી નદીઓ આવે છે ત્યારે મહત્વનાં એવા અમરેલી જિલ્લામાં જવાબદાર અધિકારીની જગ્યા ખાલી હોય તેમ ખાણ ખનીજનાં કોણ અધિકારી છે તેની અમરેલીની જનતાને ખબર જ નથી અને રાજકોટથી આવતા અધિકારી મહિને, સવા મહિને આટો મારી ક્યારે ચાલ્યા જાય છે તેની ખબર હોતી નથી. જ્યારે તેની નીચેના અધિકારીઓ પાસે ફોન ઉપાડવાનો સમય નથી હોતો તેના કારણે અમરેલી જિલ્લામાં ખાણ ખનીજ વિભાગ ઘોર નિંદ્રામાં હોય તેવો ઘાટ ઘડાયો હોવાનું લોકો કહી રહ્યાં છે.

(અનુ. પાના નં.૭)

# ભાદરવાની આકરી તડકીમાં રાહત આપતો વરસાદ

**રાજુલા પંથકનાં ગામોમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો**



અમરેલી,

અમરેલી જિલ્લામાં સતત ઉકળાટ અને અસહ્ય ગરમી બાદ મોડી રાત્રે વરસાદનાં મંડાણ થયા હતાં. અચાનક મેઘરાજાની એન્ટ્રી નવરાત્રીને ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે થતા મુરઝાતા ખેતી પાકોને રાહત થઇ છે. આજે રાજુલા પંથકમાં વિજળીનાં કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. રાજુલા, હિંડોરણા, છતડીયા સહિતનાં સમગ્રવિસ્તારમાંવરસાદ પડતા ગરમીથી લોકોને રાહત થઇ હતી.

અમરેલી જિલ્લામાં એકમાત્ર...
LIC
સતત 5th Times C.O.T. 2024
CORPORATE CLUB MEMBER
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૭,૫૦૦/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૨૫-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

N.J. SECURITIES SINCE 1988 FOR WEALTH CREATION
દરેક સ્વપ્ન થશે સાકાર
તમે શેમાં કરશો રોકાણ ???
મ્યુચ્યુઅલ ફંડ
હેલ્થ ઇન્સ્યોરન્સ
ફિક્સ ડિપોઝીટ
ઇક્વિટી કોમોડિટી ટ્રેડિંગ
બોન્ડ્સ
ડિમેટ સર્વિસ
લાઇફ ઇન્સ્યોરન્સ
પી. એમ. એસ.
N. J. Securities
"શ્રીજી કૃપા", કાપડ બજાર, જુની શાકમાર્કેટ પાછળ, અમરેલી
94295 01579
94292 01579
ફોન : (02792) 220 579 - 232 579
www.njsecurities.in | Info@njsecurities.in

ડો. ભગીરથ બી. વાળા
B.D.S. (ડેન્ટલ સર્જન)
PGDCC (કોસ્મેટીક)
FAD (એસ્થેટીક)
Divy
+91 84600 38303
અર્થ દાંતની હોસ્પિટલ
કોસ્મેટીક & ઈમ્પ્લાન્ટ સેન્ટર
જડબામાં સ્ક્રૂ વડે ફિક્સ દાંત / ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર :
સડી ગયેલ દાંતને બચાવવાની સારવાર.
દાંતને વધુ સડતો અટકાવવાં દાંતના કલરનું ફીલીંગ.
દાંતમાંથી નીકળતા લોહી, મોંઢાની દુર્ગંધ તેમજ પાન-મસાલાનાં દાગને દુર કરવા માટે દાંતની સફાઈ.
પાણીનાં દાગ તેમજ પીળા પડી ગયેલ દાંત માટે બ્લીચીંગ.
દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
દાંત પર લગાવાતું કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
દુ:ખાવા વગર દાંત કાઢવાની સુવિધા.
નાના બાળકોના તમામ દાંત અને પેઢા
ઓછા ખુલતા મોંઢાની સારવાર.
પેઢાની સર્જરી.
પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળ સામે, અમરેલી.

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

મસાજો ના શોખીનો માટે ધમાકા ઓફર
અમરેલીમાં પ્રથમવાર જ (હોટ ઓઇલ) મસાજ થેરાપી
BEST COMBO OFFER
અમારા રેગ્યુલર કલાઈન્ટ માટે સ્પેશલ ઓફર
એક મસાજ સાથે એક મસાજ ફ્રી
માત્ર રૂા.૧૬૯૯/- માં (૨) મસાજ ૬૦ મીનીટ
લેડીઝ તથા જેન્ટસ બંને માટે મસાજની અલગ અલગ વ્યવસ્થા
Heaven BODY SPA
Address : Keriya Road Bypass
Ayodhya Apartment 2flor corner
Appointment Now : 70469 83483

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
ડો.જય માકડીયા (યુરોલોજીસ્ટ)
-: નોંધ :-
હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રી કરી આપવામાં આવશે
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રી આપવામાં આવશે
કીડની
પ્રોસ્ટેટ
પથરી
તારીખ : ૨૭-૦૯-૨૦૨૪, શુક્રવાર
સમય : સાંજે ૫:૦૦ થી ૭:૦૦
નામ નોંધવું ફરજીયાત છે
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩ મો.૯૯૮૯૨ ૨૩૦૦૦


POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહી
શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ૦૯૬૯૬

Sheetal
સ્ટાફ જોઈએ છે.
અમરેલીની નામાંકિત કંપની શીતલ મિલ્ક એન્ડ મિલ્ક પ્રોડક્ટ્સ માટે અમરેલી શહેરમાં ડોર ટુ ડોર સેલ્સ-માર્કેટિંગ કરી શકે તેવા ભાઈઓ-બહેનો જોઈએ છે. રસધરાવનાર વ્યક્તિએ પોતાનું રિઝ્યુમ નીચેઆપેલા નંબર પર મોકલ્યા પછી સંપર્ક કરવો.
95109 59957
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601

દરેક ને સલામ કરવાનો આ પ્રસંગ છે

# ‘મેક ઇન ઇન્ડિયા’ પહેલ આજે ૧૦ વર્ષની થઈ! : શ્રી નરેન્દ્ર મોદી

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કહે છે કે મેક ઇન ઇન્ડિયાની અસર દર્શાવે છે કે, ભારત અણનમ છે



અમદાવાદ, (પીઆઈબી)

આજે તમારામાંના દરેકને સલામ કરવાનો પ્રસંગ છે જેમણે આ પહેલને ધમાકેદાર સફળતા આપી છે. તમારામાંના દરેક એક અગ્રણી, સ્વપ્રદ્રષ્ટા અને સંશોધક છે, જેમના અથાક પ્રયત્નોએ ‘મેક ઈન ઈન્ડિયા’ની સફળતાને વેગ આપ્યો છે અને આ રીતે આપણા રાષ્ટ્રને વૈશ્વિક ધ્યાન તેમજ ઉત્સુકતાનું કેન્દ્ર છે. તે સામૂહિક અભિયાન છે, પ્રકૃતિમાં અવિરત, જેણે એક સ્વપ્નને એક શક્તિશાળી ચળવળમાં પરિવર્તિત કર્યું છે. ‘મેકઈનઈન્ડિયા’ની અસર દર્શાવે છે કે ભારત અણનમ છે. આ એક મહત્વાકાંક્ષી ધ્યેય સાથે દસ વર્ષ પહેલાં શરૂ કરાયેલો પ્રયાસ હતો - ઉત્પાદનક્ષેત્રે ભારતની પ્રગતિને વધારવા માટે, તે સુનિશ્ચિત કરવા માટે આપણું એક પ્રતિભાશાળી રાષ્ટ્ર માત્ર આયાતકાર નહીં પણ નિકાસકાર પણ છે.

આ પાછલા દાયકા પર ચિંતન કરતાં, ૧૪૦ કરોડ ભારતીયોની શક્તિ અને કૌશલ્યએ આપણને કેટલું આગળ ધપાવ્યું છે તેના પર હું ગર્વની ભાવનાથી ભરી શકતો નથી. ‘મેક ઈન ઈન્ડિયા’ની છાપ તમામ ક્ષેત્રોમાં દેખાઈ રહી છે, જેમાં એવા ક્ષેત્રોનો પણ થાય છે જ્યાં આપણે ક્યારેય પ્રભાવ પાડવાનું સ્વપ્ન પણ જોયું ન હતું.

એક ‘મન કી બાત’ કાર્યક્રમ દરમિયાન, મેં રમકડાં ઉદ્યોગની ગતિશીલતાની જરૂરિયાત વિશે વાત કરી હતી અને આપણા લોકોએ બતાવ્યું કે તે કેવી રીતે થાય છે! વર્ષોથી, અમે નિકાસમાં ૨ ૩૯% નો વધારો જોયો છે, આયાત અડધી થઈ ગઈ છે, ખાસ કરીને અમારા સ્થાનિક ઉત્પાદકો અને વિક્રેતાઓને ફાયદો થયો નાના બાળકોનો પણ ઉલ્લેખ નથી!,

સાથે મળીને, આપણે એવા ભારતનું નિર્માણ કરવાનું ચાલુ રાખી શકીએ જે માત્ર તેની પોતાની જરૂરિયાતો જ નહીં પરંતુ વિશ્વ માટે ઉત્પાદન અને નવીનતાના પાવરહાઉસ તરીકે પણ કામ કરે.

# મેક ઇન ઇન્ડિયા વર્ષની ઉજવણી કરે છે : પરિવર્તનશીલ વૃદ્ધિનો દાયકો

## નવીનીકરણ, રોકાણ અને સ્વનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ભારતની ઉત્પાદન ક્રાંતિએ વેગ પકડ્યો

અમદાવાદ, (પીઆઈબી)

’મેક ઈન ઈન્ડિયા’ પહેલ ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ શરૂ કરવામાં આવી હતી, જે ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવવા માટે બનાવવાનો સીમાચિહ્નરૂપ દાયકો પૂર્ણ કરે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્રદ્રષ્ટા નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમે સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા, નવીનતાને પ્રોત્સાહન આપવામાં, કૌશલ્ય વિકાસ વધારવામાં અને વિદેશી રોકાણને સરળ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અસરના ૧૦ વર્ષ: એક સ્નેપશોટ, પ્રત્યક્ષ વિદેશી રોકાણ (એફડીઆઈ), પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના, નિકાસ અને રોજગાર, વેપાર-વાણિજ્યમાં સુગમતા, ચાવીરૂપ સુધારાઓ, સેમીકન્ડક્ટર ઈકોસિસ્ટમ ડેવલપમેન્ટ, નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમ (એનએસડબલ્યુએસ), પ્રધાનમંત્રી ગતિશક્તિ, લોજિસ્ટિક્સ નીતિ (એનએલપી), ઔદ્યોગિક કોરિડોર એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વન-ડિસ્ટ્રિક્ટ-વન-પ્રોડક્ટ (ઓડીઓપી), સ્ટાર્ટઅપ ઈન્ડિયા સહિતનાં બહુ આયામી અભિગમને કારણે અનેક પ્રતિકુળતાઓને દુર કરી તેને અવસરમાં ફેરવી છે. જ્યારે ભારત વિકાસના આગામી દાયકામાં આગળ વધી રહ્યું છે, ત્યારે મેક ઈન ઈન્ડિયા ૨.૦ સ્થિરતા, નવીનતા અને આત્મનિર્ભરતાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પુનઃપ્રાપ્ય ઊર્જા, હરિત ટેકનોલોજી અને અત્યાધુનિક ઉત્પાદનમાં વ્યૂહાત્મક હસ્તક્ષેપો સાથે આ પહેલ એ સુનિશ્ચિત કરી રહી છે કે ભારતીય ઉત્પાદનો ઉચ્ચતમ વૈશ્વિક માપદંડોને પૂર્ણ કરે.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસનાં અધ્યક્ષ આક્રમક મુડમાં

# દાહોદની માસુમ પિડીતાનાં પરિવારને ન્યાય અપાવવા માટે ગર્જના કરતા શ્રી જેની ઠુંમર

## માત્ર ૬ વર્ષની દિકરી સાથે થયેલ ઘટનાથી હચમચી ઉઠેલ શ્રી જેની ઠુંમર સરકારને ભીંસમાં લેશે : શ્રી જેની ઠુંમર વેધક સવાલો સાથે મેદાનમાં



અમરેલી,

દાહોદમાં ૬ વર્ષની બાળકીને ન્યાય અપાવવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં મહિલા મોરચાના પ્રમુખ શ્રી જેનીબેન ઠુંમરે આક્રમક મુડમાં સરકાર સામે આક્રોષ વ્યક્ત કર્યો હતો. માત્ર ૬ વર્ષની દિકરી સાથે થયેલ ઘટનાથી હચમચી ઉઠેલ જેનીબેન ઠુંમરે વેધક સવાલો સાથે મેદાનમાં આવ્યા છે. રાજ્યનાં મહિલા બાળ વિભાગના મંત્રી ભાનુબેન બાબરીયા સામે પણ રોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યુ હતુ કે મહિલા અને બાળ વિભાગને લગતા મંત્રી પણ મહિલા છે છતા કોઈ નક્કર પગલા ન લેવાતા સરકારને ભીસમાં લેવા શ્રી જેની ઠુંમરે તૈયારી દર્શાવી છે.

# પરબડીમાં કલેક્ટર શ્રી દહિયાની મુલાકાત

## પરબડી ગામની મુલાકાત લઇ પંચાયતનાં રેકર્ડની તપાસણી કરાઇ : શાળાની મુલાકાત લીધી



અમરેલી, અમરેલીનાં કલેકટર શ્રી અજય દહિયા દ્વારા ધારી તાલુકા ના પરબડી ગામની મુલાકાત લેવામાં આવી અને ગ્રામ પંચાયતની તપાસણી કરવામાં આવી અને ગ્રામસભા માં ગામલોકો નાં પ્રશ્નો નો નિકાલ કરવામાં આવ્યો અને શાળા ની મુલાકાત લઈ ને વિધાર્થીઓના eKyc ની કામગીરી અંગે સમીક્ષા કરી હતી.

# બગસરામાં આરોગ્ય મેળો યોજાશે

બગસરા, (સમીર વિરાણી) આપણા ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના મિશન અને મિશન એવા આયુષ્યમાન ભારત અંતર્ગત જનસમુદાયને ઉત્કૃષ્ટ અને આરોગ્ય સેવાઓ રહે તથા ગંભીર પ્રકારના રોગોનું તત્કાલ નિદાન અને સારવાર થઈ શકે તે હેતુથી બગસરા પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હેલ્થ મેળાનું આયોજન કરવામાં આવેલ છે જેમાં શાંતાબા મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલના તજજ્ઞ ડોકટરો દ્વારા આવતીકાલના રોજ હેલ્થ મેળા નું આયોજન કરવામાં આવેલ છે તો બહોળી સંખ્યામાં લોકોએ આનો લેવો તેવી બગસરા હોસ્પિટલ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

# પાળીયાદમાં પાંજરાપોળ ગૌશાળાને ૧૧ લાખનું દાન

## ગુણવંતભાઇ ગોપાણીનો આભાર વ્યક્ત કરાયો

અમરેલી, (કનુભાઈ ખાચર)

ભારતીય સંસ્કૃતિમાં આપણા પ્રાચીન શાસ્ત્રોમાં ગાય માતાનો મહિમા ખૂબ જ વર્ણવેલો છે જેમાં ૩૩ કોટી દેવતાનો વાસ છે એવા ગાય માતા માટેનું દાન શ્રેષ્ઠ દાન છે.આજરોજ પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં ચેરમેન તેમજ પાંજરાપોળ નાં પશુઓ માટે કરુણા દર્શાવતા પ્રેરક પરિવાર નાં ગુણવંતભાઈ.ચીમનલાલ.ગોપાણી ની પ્રેરણા થી.૧૧,૦૦૦,૦૦/(અગિયાર લાખ) અબોલ પશુઓનાં ઘાસચારા માટે મળેલ છે પાંજરાપોળ ટ્રસ્ટ નાં અબોલ પશુઓ માટે સતત ચિંતિત રહી અવાર નવાર માતબર રકમનું દાન ની પ્રેરણા કરનાર ગુણવંતભાઈ નો પાંજરાપોળ નાં ટ્રસ્ટીઓ તેમજ સેવાભાવી ટીમ ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે અને જીવદયા નાં કાર્ય ની ખુબ ખુબ અનુમોદના વ્યક્ત કરે છે

# ખાંભાના મોટા સમઢીયાળાની સીમમાં પરપ્રાંતિય શ્રમિકનું બાળક ખાડામાં પડી જતા મોત થયું

## ૧૦૮ ની એમ્બ્યુલન્સ દ્વારા ખાંભા ખસેડાતા બાળકને મૃત જાહેર કર્યો

અમરેલી, અમરેલીના ખાંભાના મોટા સમઢીયાળા ગામના ખેડૂત રમેશભાઈ સેજલિયાની વાડીમાં પરપ્રાંતીય ખેત મજૂર પરિવાર મજૂરી કામ કરતો હતો. ત્યારે અઢી વર્ષનો બાળક રમતો હતો. જે બાળક રમતા રમતા સોસખાડામાં ખાબક્યો હતો. જેની જાણ થતાં પરિવારે બાળકને ૧૦૮ એમ્બ્યુલ્સ મારફતે ખાંભા આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામા આવ્યો હતો. જોકે, બાળકની ફરજ પરના ડોકટર દ્વારા તપાસ કરતા બાળકનું મોત જાહેર કર્યું હતું.મૃતક બાળકના પરિવારમાં શોક છવાયો છે. હાલ હોસ્પિટલમાં પીએમ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મૃતકના પરિવારજનો ખેડૂતો હોસ્પિટલમાં દોડી આવ્યાં છે. પોલીસ પણ હોસ્પિટલમાં દોડી આવી તપાસ હાથ ધરી છે. બાળક કેવી રીતે અકસ્માતે પડી ગયો તેને લઈ પોલીસ દ્વારા પરિવારના નિવેદન લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.બાળક સોસખાડામાં પડતા પાણી હોવાને કારણે ડૂબી જતાં અઢી વર્ષના માસૂમ બાળકએ જીવ ગુમાવ્યો ઘટનાને લઈ સ્થાનીક લોકોએ તાત્કાલિક બહાર કાઢી લેવાયો પરંતુ બાળક હોવાને કારણે ગણતરીની મિનિટોમા બાળકનું મોત નીપજ્યું છે.

# લીલીયા ખાતે શ્રી તુલજાભવાની માતાજીનાં પરંપરાગત વાર્ષિક યજ્ઞ માટે તૈયારીઓ શરૂ

## તણસોલીયા દવે પરિવાર દ્વારા લીલીયામાં આસ્થાભેર આયોજન



અમરેલી, અમરેલી જિલ્લાના મોટા લીલીયા ખાતે સતત છેલ્લા ૨૬ વર્ષથી શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિના તણસોલીયા દવે પરીવારના કુળદેવી શ્રી તુલજાભવાની માતાજીનો યજ્ઞ ધામધૂમ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. જેમાં તણસોલીયા દવે પરીવારના કુટુંબીજનો સમગ્ર ભારતભરમાંથી ઉપસ્થિત રહી માં તુલજાભવાનીની કરે છે. આ વર્ષે પણ પરંપરા મુજબ આ વાર્ષિક યજ્ઞનું આયોજન આગામી તા. ૧૦/૧૧ / ૨૦૨૪ કારતક સુદ નોમ ના દિવસે રવિવારે મોટા લીલીયા મુકામે યોજાશે. તણસોલીયા દવે પરીવારના કુટુંબીજનોને લીલીયા મોટા મુકામે યજ્ઞ પર્વમાં ઉપસ્થિત રહેવા શ્રી તુલજાભવાની સેવા સમિતિ દ્વારા સાદર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાજકોટના જેતપુરમાં ગેરકાયદેસર ફટાકડાનું ગોડાઉન પકડવામાં આવ્યું

# ગોઢાવદરની સીમમાં સિંહનાં આટાફેરા

## નીલગાયનાં બચ્ચાનું મારણ કર્યું: વન વિભાગને જાણ કરાઇ



ગોઢાવદર,

શ્રી ભરત વિંઝુડા ની વાડી એ સિંહ નાં આટા ફેરા એક નીલ ગાયના બચ્ચાં નું મારણ ઘટના ની જાણ ફોરેસ્ટ વિભાગ ને કરતા ટીમ આવી જોતા બે વર્ષ થી અઢી વર્ષ નાં નર આવેલ તેવું જાણવા મળેલ પશુ પાલકો ફફડાટ ભેલાયો છે

સુરતમાં ટ્રેન ઉથલાવવાના પ્રયાસનો પર્દાફાશ થયા બાદ

# બોટાદનાં કુંડલી નજીક ઓખા-ભાવનગર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ : જાનહાની અટકી

## રેલ્વે ટ્રેક ઉપર જ ગાડી ઉભી રહી જતા લોકોની જીવ બચી ગયા : બોટાદ રેલ્વે પોલીસમાં ફરિયાદ : ડોગ સ્કવોર્ડ અને ડ્રોન કેમેરાની મદદ લેવાઇ

બોટાદ,

ગુજરાતમાં ૪ દિવસ પહેલાં સુરતના કીમ સ્ટેશન નજીક ટ્રેન ઉથલાવવાના પ્રયાસનો પર્દાફાશ થયા બાદ આજે ફરી એકવાર ટ્રેન ઉથલાવવાનો પ્રયાસ થયો છે. બોટાદના કુંડલી ગામ નજીક મોડી રાત્રે રેલવે ટ્રેક પર ૪ ફૂટ ઊંચા પાટાનો ટુકડો કોઈએ ઊભો કરી દીધો. મોડી રાત્રે ઓખા-ભાવનગર ટ્રેન તેની સાથે અથડાતા એન્જિન બંધ થઈ ગયું હતું. આ અકસ્માતમાં ટ્રેન સહીસલામત ટ્રેક પર ઊભી રહી જતા હજારો લોકોના જીવ બચી ગયા હતા. ઘટનાની તપાસમાં ડોગસ્ક્વોડ-ડ્રોન કેમેરાની પણ મદદ લેવાઈ રહી છે. જે મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ કલમ ૩/૫, ૬૧-૨-૭, ૬૨, ૧૨૫ અને રેલવે અધિનિયમ કલમ ૧૫૦-૧-૭, ૧૫૦-૨-મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નગરપાલિકા કબ્જે કરવા કોંગ્રેસમાં જોમ અને જુસ્સો

# રાજુલામાં પાલિકાની ચુંટણી લડવા કોંગ્રેસમાં થનગનાટ : બેઠક મળી

## શ્રી રાજ મહેતા, શ્રી પ્રતાપ દુધાત, શ્રી ટીકુભાઇ વરૂ સહિતની ઉપસ્થિતિ



રાજુલા, (કનુભાઈ વરૂ)

સ્વરાજયની રાજુલા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી અગાઉ જ કોંગ્રેસ પક્ષ દ્વારા અત્યાર થી જ બેઠકોનો દોર શરૂ કર્યો હતો ને આજે રાજુલા ખાતે કોંગ્રેસી નેતાઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે કાર્યકર્તા બેઠક યોજવામાં આવી હતી ને પ્રથમવાર પાલિકાની ચૂંટણી લડવા અને પાલિકાની સત્તા હાંસિલ કરવા કોંગ્રેસમાં નવો જોમ જુસ્સો જોવા મળ્યો હતો.

રાજુલાની બેઠકમાં રાજુલાના પ્રભારી રાજભાઈ મહેતા અને જાફરાબાદ ના પ્રભારી હિંમત કટારીયા સાથે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત, જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરું, નાયાભાઈ ગુર્જર, રવિરાજ ભાઈ ધાખડા, ગાંગા ભાઈ હડીયા, રમેશભાઈ બાંભણીયા, નાથાભાઈ પરમાર, જે.ડી.કાછડ, રાહુલ ભાઈ ધાખડા, બાલાભાઈ આહીર, અબ્દુલભાઈ સેલોત, રવજીભાઈ કોળી, રસૂલભાઈ દલ, કરણભાઈ કોટડીયા, ધાખડા, દાદભાઈ બારોટ, ઉત્સવ મારું, આશાબેન દવે, ઉપાસનાબેન, જયંતીભાઈ મારું, હરજીવન ધમલ, સહિતના કોંગી કાર્યકર્તાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા ને આગામી રાજુલા જાફરાબાદ નગરપાલિકામાં કોંગ્રેસનું શાશન બિરાજમાન થાય તે અંગે કોંગ્રેસ પ્રભારી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખને કાર્યકર્તાઓ જોમ જુસ્સો બતાવ્યો હતો.

રાજુલા ખાતે આજે કોંગ્રેસની બેઠકમાં નવા પ્રાણ ફૂંકાયા હોય આજની બેઠકથી આગામી રાજુલા જાફરાબાદ નગરપાલિકામાં ભાજપને કપરા ચડાણ થાય તેવા સમીકરણો સ્પષ્ટ જોવા મળ્યા હતા.

# રાજુલામાં શ્રીમતી વિમળાબેન મહેતા છાત્રાલયની વિધાર્થીની જિલ્લા યુવા મહોત્સવનાં પ્રથમક્રમે આવી

## યુવક મહોત્સવમાં સંસ્થાનું ગૌરવ વધાર્યુ



રાજુલા, (કનુભાઈ વરૂ) શ્રીમતી વિમળાબેન હરકિશન દાસ મહેતા કન્યા છાત્રાલય ની બહેનો ની અનેરી સિદ્ધિ.રાજુલા એજયુકેશન લ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી વિમળા બેન હરકિશન દાસ મહેતા કન્યા છાત્રાલય રાજુલા ની પ્રથમ વર્ષ બી.કોમ ની વિદ્યાર્થિની શ્રુતિબેન એ. ઝાંઝમેરા એ જિલ્લા કક્ષા નાં યુવા મહોત્સવ માં એકપાત્રિય અભિનય સ્પર્ધા માં ક્રમાંક મેળવેલ છે. આ સાથે ચૌહાણ હેતલ બેન એ. વક્તૃત્વ સ્પર્ધા માં તૃતીય ક્રમાંક તથા વાઘેલા મિત્તલ બેન જે. શિક્ષક દિવસ ની સ્પર્ધા માં પ્રથમ તથા ચોટલિયા માં નસી બેન એન.ચિત્ર સ્પર્ધા માં પ્રથમ તથા પરમાર નિશા બેન કે. સાડી સ્પર્ધા માં પ્રથમ તથા પરમાર રિધ્ધિબેન આર.મહેંદી સ્પર્ધા પ્રથમ તથા શિયાળ કાશ્મીરા બેન આર.લોકગીત સ્પર્ધા માં પ્રથમ તથા શિયાળ કિંજલ બેન બી.નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. તમામ બહેનો ને સેક્રેટરી શ્રી બાલ ક્રિષ્ન ભાઈ ત્રિવેદી તથા કેમ્પસ મેનેજર શ્રી રવિ ભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.શ્રી જીજ્ઞેશ ભાઈ વાજા તથા પ્રિન્સિપાલ શ્રી ડો.રીટા રાવલ દ્વારા અભિનંદન સાથે શુભ કામનાઓ પાઠવી હતી. તમામ સ્પર્ધા વિજેતા બહેનો ને પુરસ્કૃત કરાયેલ.તમામ સ્પર્ધા માટે ડો.રીટાબેન રાવલ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ.

# મુખ્યમંત્રીશ્રીનો સ્વાગત ઓનલાઇન ફરિયાદ નિવારણ કાર્યક્રમ આજે યોજાશે

## અરજદારો સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ સુધી ફરિયાદો કરી શકશે

અમરેલી,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે. મુખ્યમંત્રી શ્રી પટેલ, ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦થી ૧૧.૩૦વાગ્યા સુધી મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે કલાકે મુખ્યમંત્રીશ્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

સિક્યુરીટી ફિલ્ડ ઓફીસરની જરૂર છે
સેલેરી ૨૨ હજારથી ૩૦ હજાર
લોકેશન : શાપર-વેરાવળ, મેટોડા, મોરબી, રાજકોટ
સંપર્ક: મો.૯૮૨૫૩ ૨૬૩૦૮, ૯૧૦૪૦ ૪૧૩૩૩

સિક્યુરીટી ગાર્ડની જરૂર છે
સેલેરી ૧૨ હજારથી ૧૫ હજાર
Facility foods & Rooms
(P.F., Esic Gow.Facility)
મો.૮૭૩૫૦ ૦૫૬૬૬, ૮૭૩૫૦ ૦૪૯૯૯

ધારીમાં મકાન વેચવાનું છે
ગણેશ સોસાયટીની બાજુમાં
નવી વસાહત - ધારી, ૧૧૦ વાર જગ્યા,
૨ રૂમ, રસોડુ, ઓસરી, ફળીયુ, અગાસી,
લાઇટનો સોલાર, પાણીનો સોલાર
સંપર્ક : કરીમભાઇ માલવીયા
મો. ૯૯૭૮૩ ૨૯૫૬૬

શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ
ઉધઈથી બચો

ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

ઓઇલ મીલ ભાડે આપવાની છે
અમરેલી લાઠી, રીલાયન્સ પેટ્રોલ
પંપની પાસે આવેલ
રાજલક્ષ્મી ઓઇલ મીલ
(ચાલુ કન્ડીશન) ભાડે આપવાની છે
સંપર્ક :- મો. ૯૪૨૬૨ ૧૯૭૪૭

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧


FASTag
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે,
સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ
કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ
બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

મોકાની દુકાન લોંગ લીઝથી
ભાડેથી આપવાની છે
સરદાર કોમ્પલેક્ષમાં F34 & F35
જિલ્લા પંચાયત રોડ, અમરેલી
-: સંપર્ક :-
મો. ૯૪૨૯૨ ૨૩૩૨૨, ૯૭૨૫૭ ૨૫૪૪૨

પ્લોટ વેચવાનો છે
મુ. વિજપડી, તા.સાવરકુંડલા
ક્ષેત્રફળ : ૧૦૦૦ મીટર
૩ બાજુ રસ્તા, ટાઇટલ કલીયર
મેઇન બજાર, રામજી મંદિર આગળ
મળો અમાનભાઇ રસભર્યા
સંપર્ક :- મો. ૯૯૨૫૬ ૬૫૧૭૭

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૬-૦૯-૨૦૨૪ ગુરૂવાર

# નેતાઓને સબસીડીની મીઠી જાહેરાતો સત્તા પર આવ્યા પછી કડવી લાગે છે

હિમાચલ પ્રદેશ એક આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહેલું રાજ્ય છે. આ સંકટે અહીં કોંગ્રેસ શાસિત રાજ્ય સરકાર અને મુખ્ય વિપક્ષ ભારતીય જનતા પાર્ટી વચ્ચે રાજકીય સંઘર્ષને પણ જન્મ આપ્યો છે. રાજ્યની આર્થિક સમસ્યાઓ મોટાભાગે મોટી ઉધાર ખરીદીઓ, આત્યંતિક પેન્શન અને ઊંચા પગાર બજેટ, મફત સેવાઓ અને અપૂરતી આવકને આભારી હોઈ શકે છે,

અરૂણાચલ પછી હિમાચલ પ્રદેશ તેના દરેક નાગરિક પર સૌથી વધુ માથાદીઠ દેવું ધરાવતું રાજ્ય બની ગયું છે, દરેક નાગરિક માથે અહીં રાજ્ય તરફથી રૂ. ૧.૧૭ લાખનું દેવું છે જે સરકારે ક્યાંક ને ક્યાંક ચૂકવવાનું બાકી છે. રાજ્યનું કુલ બાકી દેવું ઈ. સ. ૨૦૨૧-૨૨માં રાજ્યના કુલ સ્થાનિક ઉત્પાદનના ૩૭ટકાથી વધીને હવે ઈ.સ. ૨૦૨૪-૨૫માં ૪૨.૫ટકા થયું છે.

રાજકોષીય ખાધ ઈ. સ. ૨૦૨૧-૨૨માં જીડીપીના ૪.૦૫ટકાથી વધીને ઈ.સ. ૨૦૨૨-૨૩માં ૬.૪ ટકા થઈ ગઈ છે. ઈ. સ. ૨૦૨૩-૨૪માં પણ, રાજકોષીય ખાધ સંશોધિત અંદાજ મુજબ ૫.૯ટકા રહી હતી, જે બજેટ અંદાજ કરતાં ૧.૩ટકા વધુ હતી. સુધારેલા અંદાજમાં મહેસૂલ ખાધ પણ ૨.૬ ટકાના વધારાના સ્તરે હતી. બજેટ અંદાજમાં તે ૨.૨ ટકા હોવાનું કહેવાયું હતું.

હિમાચલ પ્રદેશ, રાજ્યના કુલ ખર્ચમાં તેના મહેસૂલ ખર્ચના હિસ્સાના સંદર્ભમાં પણ ઘણું આગળ છે જ્યાં તે ૯૦ટકાની નજીક છે. અહેવાલ છે કે રાજ્ય સરકાર નાણાંકીય સ્થિતિ સુધારવા માટે હોટલ માટે સબસિડીવાળી વીજળી, ગ્રામીણ વિસ્તારોમાં મફત પાણી અને મહિલાઓ માટે રાહત બસ ટિકિટ જેવી કેટલીક સબસિડી યોજનાઓ ટૂંક સમયમાં જ સમાપ્ત કરી રહી છે.

રાજ્યોની નાણાંકીય સ્થિતિ પર ભારતીય રિઝર્વ બેંકના અહેવાલ મુજબ, વિવિધ રાજ્યો તેમના કુલ ખર્ચના માત્ર ૫૮ ટકા જ તેમના પોતાના સ્રોતોમાંથી પૂરા કરવામાં સક્ષમ છે. આ દર્શાવે છે કે નાણાંકીય ક્ષમતામાં સુધારો કરવાની જરૂર છે. તાજેતરના અભ્યાસો એ પણ દર્શાવે છે કે રોગચાળાની રાજ્યોના રાજકોષીય સ્વાસ્થ્ય પર બહુ ઓછી અસર પડી હતી.

તાજેતરના વર્ષોમાં માલ અને સેવા કર વસૂલાતમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં, કેટલાક રાજ્યોને રાજકોષીય પુનર્ગઠનની જરૂર હતી. ઉદાહરણ તરીકે, ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી અને બજેટ મેનેજમેન્ટ રિવ્યુ કમિટીએ ઈ. સ. ૨૦૧૮માં ભલામણ કરી હતી કે રાજ્યોનું દેવું જીડીપીના ૨૦ટકા જેટલું હોવું જોઈએ. ડેટા દર્શાવે છે કે ઈ. સ. ૨૦૨૩-૨૪માં ૧૨ રાજ્યોનો જીડીપી ૩૫ ટકાથી વધુ હતા જ્યારે ૨૪ રાજ્યોના જીડીપી ૨૦ ટકાથી વધુ હતા.

ચૂંટણીલક્ષી લાભ માટે સબસિડીનો ઉપયોગ પણ રાજ્યોના વધતા દેવાનું એક કારણ છે. નેતાઓને લોકલુભાવન મતચુંબકીય જાહેરાતો કરવી બહુ મીઠી લાગે છે પરંતુ સત્તા પર આવ્યા પછી એની કડવાશ જંપ લેવા દેતી નથી. ટૂંકા ગાળામાં આ તેમની ઉધાર ક્ષમતાને અસર કરી શકશે નહીં કારણ કે બજાર રાજકોષીય ક્ષમતાને કારણે રાજ્યો વચ્ચે ભેદ પાડતું નથી કારણ કે કેન્દ્ર તરફથી હસ્તક્ષેપ અને મદદનો અવકાશ હોય છે.-

જો કે, કેટલાક રાજ્યોમાં સતત ઊંચા દેવાથી જોખમ ઊભું થશે. સતત ઊંચું દેવું વ્યાજના બોજમાં વધારો કરવાનું ચાલુ રાખશે અને રાજ્યો માટે ઊંચા ખર્ચની પ્રતિબદ્ધતાઓ સાથે નવા વિકાસ કાર્ય હાથ ધરવાનું મુશ્કેલ બનાવશે. આવી સ્થિતિમાં, ખર્ચને તર્કસંગત બનાવીને રાજ્યોના બજેટને સંતુલિત કરવું મહત્વપૂર્ણ છે.

હિમાચલ પ્રદેશ સહિત કેટલાક રાજ્યોએ રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના લાગુ કરવાનો નિર્ણય લીધો છે. તેનાથી તેમની આર્થિક સ્થિતિ પર દબાણ વધશે. ઉચ્ચ સામાન્ય સરકારી દેવું અને ખાધને જોતાં, ભારતમાં રાજકોષીય પરિસ્થિતિ પર વ્યાપક ચર્ચાની જરૂર છે. લોકપ્રિય સરકાર બનવાની રેસ, રાજ્ય સહિત દેશની લાંબા ગાળાની સંભાવનાઓને અસર કરી શકે છે.

ગુજરાત પણ એ જ માર્ગે છે. ગુજરાત સરકારના ખર્ચ પણ જેવા તેવા નથી. આપણે ત્યાં રાજ્યની આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે જે સ્વતંત્ર વ્યવસ્થા હોવી જોઈએ એ છે તો ખરી પરંતુ એના જે તારણો હોય તે પ્રજા સમક્ષ મૂકવામાં આવતા નથી. એને કારણે જેવું હિમાચલમાં થયું એવું કોઈ પણ રાજ્યમાં થઈ શકે છે કે બહુ ઊંડા ખાડામાં આખું રાજ્ય ઉતરી જાય ત્યારે જ ખબર પડે અને પછી એમાંથી બહાર આવવામાં બહુ સમય લાગે.

## અમરેલી યાર્ડમાં યુવાન ઉપર હુમલો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી માર્કેટયાર્ડ ક્રોમા સેન્ટર પાસે હરેશભાઈ ગીજુભાઈ ત્રિવેદી ઉ.વ. ૩૮ રહે. અમરેલી રામવાડી શેરી નં. ૪ ના ભાઈએ શૈલેષ ઉકાણી રહે. અમરેલીવાળા પાસેથી પૈસા ઉછીના લીધેલ હોય. જે અંગે હરેશભાઈએ શૈલેષ સામે જુનાગઢ ફરિયાદ કરેલ હોય. જેનું મનદુઃખ રાખી ગાળો બોલી ઢીકાપાટું વડે મારમારી મોબાઈલ લઈ ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### સોશ્યલ મીડીયા મારફત ફ્રેન્ડશીપ કરી લગ્નની લાલચ આપી

# અમરેલીમાં જુદી જુદી જગ્યાએ સગીરાનું અપહરણ કરી શારિરીક છેડછાડ કરી

### ચારવિધર્મી શખ્સોએ લગ્નની લાલચ આપી અપહરણ કરી અવાર નવાર છેડતી કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

અમરેલીમાં રહેતી સગીરાને આજથી આશરે બે વર્ષ પહેલા તા. ૧-૯-૨૨ ના બપોરના ૨ વાગ્યાથી તા. ૨૪-૯-૨૪ ના સાંજના પોણા સાત વાગ્યા સુધીમાં સાહિલ અલ્તાફભાઈ સુમરા, સાહિલનો મિત્ર અલ્ફેઝ , માહિર, સાહિલનો મોટો ભાઈ ફેઝલ સુમરાએ એકબીજાએ મદદગારી કરી સાહિલે સગીરા સાથે સોશ્યલ મીડીયા મારફતે ફ્રેન્ડશીપ કરી સગીર વયની હોવાનું જાણવા છતા લગ્નની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી સગીરાને અવાર નવાર અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ અવાર નવાર શારીરીક છેડછાડ કરી લગ્ન કરાવવા માટે એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની સગીરાએ અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા અમરેલી સીટી પી.આઈ.કે.એલ. ખટાણા તપાસ ચલાવી રહયા છે.

## લીલીયાના ક્રાંકચમાં જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા

### જુગારના પટમાંથી રૂ/.૨૧૪૦ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)લીલીયા તાલુકાના ક્રાંકચ ગામે ધકાણ પરીવારની વાડી પાછળ જાહેરમાં હાથબતીના અંજવાળે જુગાર રમતા વિપુલ સોમાભાઈ હેલેયા, જયેશ ગોવિંદભાઈ હેલેયા, હરેશ ભીમજીભાઈ હેલેયાને પો.કોન્સ. વિજયભાઈ લાલુએ રૂ/.૨૧૪૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## અમરેલી જીલ્લામાં જુદી જુદી ચાર બાઈકો ચોરાઈ

### અમરેલી એસટી ડેપોમાં બે , સાવરકુંડલાના ઘાંડલા અને ખાંભામાં બાઈક ચોરાયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)અમરેલી જીલ્લામાં તસ્કરોએ બાઈકો ચોરી તરખાટ મચાવ્યો છે. જેમાં જુદા જુદા સ્થળોએથી ચાર બાઈકો ચોરાયા હતા. અમરેલી એસટી ડેપોમાં બે ,સાવરકુંડલાના ઘાંડલા અને ખાંભામાં બાઈક ચોરાયાની ફરિયાદ પોલિસ મથકોમાં નોંધાઈ છેઅમરેલી એસટી બસસ્ટેશન બહાર પીજીવીસીએલના ટીસી પાસે ભાર્ગવભાઈ ગોરધનભાઈ ગોહિલ ઉ.વ. ૫૪ અમરેલી ચકકગઢ રોડ ગંગાનગર -૧ નું સ્પ્લેન્ડર પ્લસ જી.જે. ૧૪પી. ૦૫૫૦ રૂ/.૧૫,૦૦૦ ની કિંમતનું તા. ૨૨-૯ ના રાત્રિના કોઈ ચોરી કરી લઈ ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.બીજા બનાવમાં અમરેલી એસટી બસસ્ટેન્ડની પુછપરછ બારી પાસે એસટી ડ્રાઈવર અમરેલી હનુમાનપરા જલારામ નગર શેરી નં. ૦૧ યુવરાજભાઈ ભાનુશંકરભાઈ તૈરૈયાનું સ્પ્લેન્ડર જી.જે. ૦૩ પી. ઈ.એફ. ૩૯૪૨ રૂ/.૧૫,૦૦૦ની કિંમતનું તા. ૧૪-૯-૨૪નાસવારે ૧૦વાગ્યાથી તા. ૧૬-૯-૨૪નાસાંજનાસાડા નવ સુધીમાં કોઈ ચોરી ગયાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.સાવરકુંડલા તાલુકાના ઘાંડલા ગામે ઉકાભાઈ જીવાભાઈ ભરડવાની વાડીએ બહાર ખુલ્લી જગ્યામાં રાજુલા તાલુકાના પટવા ગામના જીવાભાઈ ગીગાભાઈ મકવાણાનું બજાજસીટી -૧૦૦ ડી.એલ.એકસ. જી.જે. ૨૭ એ.એન. ૪૦૨૬ રૂ/.૩૫,૦૦૦ ની કિંમતનું ભાગવી રાખેલ મકાનની વાડી સામે જાહેર રસ્તા ઉપર પાર્ક કરેલ ત્યાંથી કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ખાંભા ભગવતીપરા પાર્થ હોટલ પાસે અજયભાઈ શંભુભાઈ ઝીઝુંવાડીયાનું હીરો સ્પ્લેન્ડર જી.જે. ૧૪ એ.એન. ૩૦૧૯ રૂ/.૫૦,૦૦૦ ની કિંમતનું પોતાના ઘર બહાર શેરીમાં રાખેલ હોય. અને રાત્રિના વાડીએ જવાનું હોય. જેથી રાત્રિના ઘર બહાર જોતા બાઈક જોવામાં આવેલ નહી. અને આજદિન સુધી તપાસ કરતા મળી આવેલ ન હોય. જે બાઈક કોઈ ચોરી ગયાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## અમરેલી જીલ્લામાં દેશી દારૂના ત્રણ સ્થળે દરોડા

### જીલ્લામાં એક વાહન ચાલક સહિત નવ નસેડીઓ ઝડપાયા

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

અમરેલી જીલ્લામાં પોલિસે ખાંભા ,સાવરકુંડલા ટાઉન પોલિસે દેશી દારૂના ત્રણ સ્થળે દરોડા પાડી મુદામાલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતા. જયારે જીલ્લામાં એક વાહન ચાલક સહિત નવ શખ્સોને નશો કરી રાજાપાઠમાં નીકળતા ઝડપી લઈ જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી રૂરલ, સાવરકુંડલા, ધારી, સાવરકુંડલા રૂરલ, નાગેશ્રી, ચલાલા, ડુંગર, અને બગસરા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અમરેલીમાં રાધેશ્યામ ચોકડી નજીક એસટી બસનું ટાયર ફાટતા મુસાફરને પગમાં ફેકચર

### ડ્રાઈવર સાઈડનું પાછળનું ટાયર ફાટતા બંને પગની ઘુંટીઓમાં ફેકચર

અમરેલી,

અમરેલી રાધેશ્યામ ચોકડી પાસે તા. ૧૨-૯-૨૪ ના સવારે ૬ વાગ્યાના સમય દરમ્યાન ઉના વડોદરા રૂટની એસટી બસ જી.જે .૧૮ ઝેડ ૦૪૪૮ માં ટીંબી ગામેથી અમરેલીઆવવા નીકળેલશેલણાગામના કિશોરભાઈ કાળુભાઈ વરૂ ઉ.વ. ૪૫ ને રાધેશ્યામ ચોકડી નજીક બસ પહોંચતા રસ્તામાં બસનું ડ્રાઈવર સાઈડનું પાછળનુંટાયર ફાટતાકિશોરભાઈનેબંને પગનીઘુંટીઓમાંફેકચર થયાનુંઅમરેલી તાલુકા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## ધારીના કુબડા ગામે વૃધ્ધ ખેડુતને પૈસા આપી દેવાનું કહી ધમકી આપી

### દોલતીના શૈલેષ ચાંદુ અને બે અજાણ્યા શખ્સોએ દોઢ લાખ કઢાવી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમરીપોર્ટર)

ધારી તાલુકાના કુબડા ગામે રહેતા દલસુખભાઈ પોપટભાઈ કોટડીયા ઉ.વ. ૬૨ના રહેણાંક મકાને દોલતીના શૈલેષ ચાંદુ અને બે અજાણ્યા શખ્સોએ મકાનમાં ગુનાહિત અપપ્રવેશ કરી દલસુખભાઈને ગાળો બોલી તારો હવાલો મળેલ છે. બે દિવસમાં ૧૦લાખ રૂપિયા તથા બાકી એક મહિનામાં ૫ કરોડ રૂપિયા આપી દેવાનું કહી દલસુખભાઈ તથા તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીપુર્વક દોઢ લાખ રૂપિયા કઢાવી લઈ ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કર્યાની ધારીપોલિસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

## સાવરકુંડલા પાલિકા દ્વારા પાર્કિંગને નિયમબધ્ધ કરવા માટે અરજી મંજુર

### અનઅધિકૃત બાંધકામને રેગ્યુલાઈઝ કરવા સહિતની કામગીરી

સાવરકુંડલા,સાવરકુંડલા નગરપાલીકા દવારા તાજેતરમાં રાજયમાં અમલી અનઅધિકૃત બાંધકામને નિયમ બધ્ધ કરવા માટેના ગુડા-૨૦૨૨ ( ગુજરાત રેગ્યુલારાઈઝેશન ઓફ અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ ઓર્ડીનન્સ) એકટ હેઠળ સમગ્ર ગુજરાત રાજયમા સૌ પ્રથમ પાર્કીંગને નિયમ બધ્ધ કરવા માટેની અરજી મંજુર કરવામાં આવેલ છે.આ બાબતે મળતી વિસ્તૃત માહીતી મુજબ સાવરકુંડલાના ગાંધી ચોક વિસ્તારમાં શ્રી ભાવેશભાઈ અશોકભાઈ લોલીયાની માનસી હેન્ડલુમ નામથી આવેલ મીલ્કતમાં અનઓથોરાઈઝડ ડેવલપમેન્ટ હેઠળ આવતી હતી. આ મીલ્કતને નિયમબધ્ધ કરવા માટે અરજદારશ્રી દવારા અરજી રજુ કરવામાં આવતા રજુ થયેલ સમગ્ર પ્રકરણનો તલસ્પર્શી અભ્યાસ કરી ચીફ ઓફીસરશ્રી એચ.પી. બોરડ સાહેબના માર્ગદર્શન હેઠળ રાજય સરકારશ્રી દવારા સાવરકુંડલા ખાતે નિમણુંક પામેલ વર્ગ-૨ ના અધિકારીજુનિયર ટાઉન પ્લાનર શ્રી દીવ્યેશભાઈ પટેલ અને સાવરકુંડલા નગરપાલીકાના તજજ્ઞ અને કદાચ સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાં જેમની નોંધ લેવાય છે તેવા શ્રી હરેશભાઈ ગોસાઈના સઘન માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્ર ઝોનની નગરપાલીકાઓમાં સૌ પ્રથમ સરકારશ્રીના આ બાબતના નવા નોટીફીકેશન મુજબ અરજી મંજુર કરવામાં આવતા અરજદારશ્રી દવારા નગરપાલીકાના પ્રમુખશ્રી મેહુલભાઈ ત્રિવેદી, ઉપ પ્રમુખશ્રી પ્રતિકભાઈ નાકરાણી અને તેમની સમગ્ર ટીમનો પણ આભાર વ્યકત કરેલ છે.

## કુંડલાના વિદ્યાર્થીઓએ યુવા ઉત્સવમાં જીલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું



સાવરકુંડલા, તા. ૨૨/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી કે.કે હાઈસ્કૂલ અને શ્રી કે.કે ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલ સાવરકુંડલાના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોએ જિલ્લા કક્ષાએ યોજાયેલ યુવા ઉત્સવમાં ભાગ લીધેલ હતો. જેમાં ધોરણ-૧૧ કોમર્સમાં ભણતી વિદ્યાર્થીની જમોડ નિશાએ ભરતનાટ્યમ નૃત્યમાં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આગામી સમયમાં તેઓ પ્રદેશ કક્ષાએ જિલ્લાનું પ્રતિનીતિત્વ કરવા જશે.કૃતિને તૈયાર કરવામાં શાળાના શિક્ષિકા બહેનો શ્રી કોમલબેન મકવાણા,શ્રી હેતલબેન કાચા, શ્રી રીનાબેન નાગર, તથા શિલ્પાબેન બાલધિયાએ અગત્યની ભૂમિકા ભજવી હતી. નંબર મેળવનાર વિદ્યાર્થીની જમોડ નિષાબેનને શાળાના પ્રિન્સીપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાએ તથા નૂતન કેળવણી મંડળના પ્રમુખ,સર્વે ટ્રસ્ટીશ્રીઓ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૬.૯.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ વદ નોમ, પુનર્વસુ નક્ષત્ર , પરિઘ યોગ, વણિજ કરણ , આજે સાંજે ૫.૧૨ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે.

## ૩ ઓક્ટોબર ગુરુવારથી શારદીય નવરાત્રી શરુ થશે

આગામી તારીખ ૨ ઓકટોબરને બુધવારે સર્વપિત્રી અમાસ આવી રહી છે અને બુધવાર હોવાથી બુધવારી અમાસ બનશે ત્યારબાદ ૩ ઓકટોબર ગુરુવારથી શારદીય નવરાત્રી શરુ થશે. મહત્વનો સંયોગ એ છે કે આ વખતે ૧૦ નવરાત્ર થાય છે જે દશ મહાવિદ્યા આરાધના માટે શ્રેષ્ઠ છે. શકિત આરાધનામાં દશ મહાવિદ્યાનું વિશેષ મહત્વ છે..બ્રહ્માડની ઉર્જાનો સ્ત્રોત દસ મહાવિદ્યા છે.શકિત વગર શિવ પણ શૂન્ય છે. જ્યારે ભગવાન શિવના પત્ની સતીના પિતા દક્ષ રાજાએ યજ્ઞનું આયોજન કર્યુ ત્યારે શિવ અને સતીને આમંત્રિત નહીં કર્યા તો પણ સતી યજ્ઞમાં



જવા તૈયાર થયા.શિવજીએ ના પાડતા સતી ક્રોધે ભરાયા.અને રૌદ્ર રૂપ ધારણ કર્યું. દશ દીશામાંથી દશ સ્વરૂપ પ્રગટ કર્યા.આ ભયંકર દ્રશ્ય જોઈ શિવજી એ સતીને પૂછ્યું આ દશ રૂપ કોણ છે.માતાજીએ ઉત્તર આપ્યો કે આ દશ રૂપ મારા જ છે. કાલી, તારા, છિન્નમસ્તા, ષોડશી, ભુવનેશ્વરી, ત્રિપુરા ભૈરવી, ધૂમાવતી, બગલામુખી, માતંગી અને કમલા એ માતા પાર્વતીના જ દશ સ્વરૂપ છે. નવરાત્રીમાં માતા દુર્ગાના નવ રૂપ અને દશ મહાવિદ્યાની વિશેષ મહત્વ છે વળી શારદીય નવરાત્રમાં ઉત્સાહભેર જગતજનની માતા જગદંબા સાથે આનંદનો ગરબો લેવાનો મહિમા પણ અપરંપાર છે.

મેષ (અ,લ,ઈ) : પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે,દિવસ પ્રગતિકારક રહે.
વૃષભ (બ,વ,ઉ) : નવા કાર્યમાં આગળ વધી શકો , સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે.
મિથુન (ક,છ,ઘ) : ભાગીદારી માં કાળજી રાખવી પડે , આર્થિક બાબતોમાં મધ્યમ રહે,અન્ય બાબતો માં સારું રહે.
કર્ક (ડ,હ) : તમારા ખુદ માટે સમય કાઢી શકો, તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
સિંહ (મ,ટ) : કેટલાક એવા બનાવ બને કે દિવસ દરમિયાન માનસિક વ્યગ્રતા અને ઉશ્કેરાટ રહે,સાંજ ખુશનુમા વીતે.
કન્યા (પ ,ઠ ,ણ) : ગણતરી વિનાના સાહસ ના કરવા સલાહ છે આવક કરતા જાવક વધી ના જાય તે જોવું,હિસાબ રાખવો.
તુલા (ર,ત) અગાઉ ના સમયમાં તમે કરેલા કાર્યના સારા પરિણામ આજે મેળવી શકો, કર્મના સિદ્ધાંત ને સમજી શકો , શુભ દિન.
વૃશ્ચિક (ન ,ય) : ઈષ્ટદેવની આરાધના થી લાભ થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આધ્યાત્મિક ચિંતન થાય.
ધન (ધ,ભ,ફ,ઢ ): દિવસ દરમિયાન દોડધામ રહે, સાંજ પછી નસીબ સાથ આપતું જણાય,અંગત મિત્રો સાથે મતભેદ દૂર કરી શકો.
મકર (ખ,જ) : જાહેરજીવનમાં ધ્યાન આપી શકો, આંતરિક સંબંધોમાં સારું રહે,મનની વાત વ્યક્ત કરી શકો.
કુંભ (ગ ,સ,શ) :હિત શત્રુઓ થી સાવધ રહેવું,વધુ પડતા વિશ્વાસે ના ચાલવું, વ્યક્તિગત દેખરેખ થી કામ કરવું.
મીન (દ,ચ,ઝ,થ): પ્રણય માર્ગે આગળ વધી શકો,ગમતી વ્યક્તિ થી વાતચીત થાય, મનની વાત વ્યક્ત કરી શકો.

## ખાંભા નજીક રાયડીમાં ખોટા વિડીયો મેસેજ વાયરલ થતાં આરોપી ઝડપાયો

### એટ્રોસિટીના બનાવ અંતર્ગત વિડીયો મેસેજ વાયરલ કરતાં ખાંભાની પોલીસે કાર્યવાહી કરી



અમરેલી,

તાજેતરમાં સોશ્યલ મીડીયામાં ‘કેન્ડ ઓફ પોલીસ નામના ગ્રુપમાં ખાંભા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૪૦૩૨૪/૨૦૨૪ મ્શજી કલમ ૧૧૫, ૩૫૨, ૫૪ તથા અનુસુચીત જનજાતિ (અત્યાયા નિવારણ)અધિનિયમ-૧૯૮૯ના સુધારણા અધિનિયમ-૨૦૧૫ ની કલમ ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૨)(૫-એ) મુજબના ગુન્ન અન્વયે એક અન્ય બીજો વિડીયો જીવરાજભાઈ પરમાર પત્રકાર અમરેલીના નામથી સેવ નંબર વાળા ઈસમે રવિરાજ ન્યુઝ/ગીર સોમનાથ નામથી ડીસ્ક્રીપશન તથા વિડીયો વાયરલ થયેલ હોય,ઉપરોક્ત વિગતમાં જણાવ્યા મુજબના વિડીયો તથા રવિરાજ ન્યુઝ/ગીર સોમનાથ નામથી ડીસ્ક્રીપશન જેમાં એવી વિગત દર્શાવેલ છે, કે,હવે પહેલા જેવી છુઆછત નથી રહી. એવું કહેવાં વાળા ડુબી મરો...’ રવિરાજ ન્યુઝ/ગીર સોમનાથ... લખાણ વાળા મેસેજ સાથે વિડીયો વાયરલ થયેલ હોય. અને સુંદર વીડીઓ ખાંભા તાલુમાં દાખલ થયેલ ગુ.ર.ન-૦૩૨૪/૨૦૨૪નો હોવાનું દર્શાવામાં આવેલ હોય પરંતુ આ વીડીઓની ફેટ ચેક કરતા તે વીડીઓ ખાંભા તાલુકાનો ન હોવાનું જણાય આવેલ છે તેમજ જીવરાજભાઈ પરમાર પત્રકાર અમરેલીના નામથી સેવ નંબર વાળા ઈસમે ‘ફ્રેન્ડ ઓફ પોલીસ નામના ગ્રુપમાં વિડીયો તથા મેસેજ વાયરલ કરી અનુસુચિત જાતિના લોકોમાં રોષ ફેલાઈ અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે તેમજ ખાંભા તાલુકાની પોલીસની પ્રતિષ્ઠાની છબી ખરડાવી તેમજ કામગીરી બાબતે હાની પહોંચાડવાના ઈરાદે તેમજ બે કોમો વચ્ચે સુલેહ શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી ભંગ થવાનો સંભવ છે. એવું જાણીજોઈને કૃત્ય કરી તેમજ ખોટી માહીતી અફવા વિડીયોના માધ્યમથી પ્રસિધ્ધ કરી વિડીયો/મેસેજ અંગેની પોસ્ટ વાયરલ કરેલ હોય,જે અન્વયે વાયરલ કરનાર શખ્સ યશવંતભાઈ પાલજીભાઈ મકવાણાની વિરુધ્ધમાં ખાંભાપો. સ્ટેગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૪૦૩૨૭/૨૦૨૪ કલમ બી.એન.એસ કલમ ૧૯૬(૧) સી. ૩૫૬(૧), ૩૫૩ (૧) સી, ૩૫૩ (૨) મુજબનો ગુન્હો દાખલ કરેલ છે.આ ઉપરાંત જાહેર જનતાને ખાંભા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે કે, આવા પ્રકારના ખોટા વિડીયો તથા ખોટા મેસેજ વાયરલ ન કરી સાવધાન રહેવા માટે ખાંભા પોલીસ દ્વારા જાણ કરવામાં આવે છે.ખાંભા પોલીસ સ્ટેશન ૦૨૭૯૭૨૬૦૫૦૩,જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ નંબર ૦૨૭૯૨ ૨૨૩૪૯૮ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

### ધજાળા લોમ બાપુની જગ્યામાં શાસ્ત્રી દ્રુમીલભાઇ જોષીનો સન્માન સમારોહ યોજાયો

ભાવનગર, (મનિષ દવે)સાયલા(ભગત ગામ) પાસે ધજાળા ગામે લોમબાપુ જગ્યામાં ભાદરવા બીજની ઉજવણી થયેલ આ પ્રસંગે જગ્યાના શિક્ષણવિદ મહંત પુ. ભરતબાપુએ વલસાડના કથાકાર પુ.દ્રુમીલભાઈ જોષીનું ઠાઠમાઠથી બહુમાન કર્યુ હતું.

### આછવણીના પુ. સ્વામી ઉર્જાનંદ સૌરાષ્ટ્રની ધર્મયાત્રાએ

ભાવનગર, (મનિષ દવે)નવસારી પાસે આછવણીના સ્વયંભુ પ્રગટેશ્વર મહાદેવ મંદિરના પુ.સ્વામી ઉર્જાનંદજી (પ્રભુદાદા) વિશાળ શિષ્ય સમુદાય સાથે વિરપુર, સોમનાથ, દ્વારકા સહિત સૌરાષ્ટ્રની ધર્મયાત્રાએ સાધુ બ્રાહ્મણ ચોયાસી, જરૂરિયાતમંદોને અનાજ કપડા, ગંગા સ્વરૂપ બહેનોને જરૂરિયાત મુજબની મદદ ગૌમાતાને લીલો સુકો ચારો સહિતની સદવૃતિ કરી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

# કપાસ ૯૭૨ થી ૧૫૮૫ મગફળી ૭૩૩ થી ૧૧૩૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
- શિંગમઠડી-૮૪૨-૧૧૩૫
- શિંગમોટી-૭૩૩-૧૧૩૦
- શીંગફાડા-૧૦૨૫-૧૩૪૩
- તલસફેદ-૧૯૦૦-૨૬૭૬
- તલકાળા-૩૦૫૫-૩૮૬૫
- બાજરો-૪૦૦-૫૦૯
- ઘઉંટુકડા-૫૦૦-૬૦૭
- ઘઉંલોકવન-૩૫૦-૬૧૬
- રાયડો-૧૦૫૫-૧૦૯૨
- ચણા-૧૨૮૦-૧૪૭૧
- કપાસ-૯૭૨-૧૫૮૫
- જુવાર-૪૫૫-૮૦૨
- ધાણા-૧૦૯૫-૧૧૭૫
- રજકાનુંબી-૨૯૦૦-૪૬૦૦
- સોયાબીન-૮૫૭-૯૦૦
- અડદ-૧૨૯૦-૧૬૦૦
- મગ-૧૧૧૦-૧૬૬૫
- જીરૂ-૨૫૭૫-૪૨૩૦

**અમરેલી માર્કેટયાર્ડ**
- બટેટા-૩૫૦-૫૨૦
- રીંગણા-૫૦૦-૬૦૦
- ફલાવર-૬૦૦-૭૦૦
- કોબીઝ-૩૩૦-૪૦૦
- ટમેટાં-૧૦૦૦-૧૨૦૦
- ફોદીનો-૯૦૦-૧૦૦૦
- ગાજર-૫૦૦-૬૦૦
- ગલકા-૪૦૦-૪૫૦
- કાકડી-૪૦૦-૫૫૦
- ગુવાર-૧૦૦૦-૧૪૦૦
- દુધી-૨૦૦-૨૪૦
- તુરીયા-૩૨૦-૪૦૦
- ભીડો-૨૨૦-૩૩૦
- આદુ-૮૨૦-૯૦૦
- કોથમીર-૧૪૦૦-૨૨૦૦
- મેથીભાજી-૧૮૦૦-૨૦૦૦
- ટીંડોરા-૬૦૦-૭૦૦
- લીમડોમીઠો-૧૦૦-૧૨૦

- મરચાલીલા-૪૦૦-૮૦૦
- મુળા-૪૦૦-૫૫૦
- લીંબુ-૧૬૩૦-૧૮૨૦
- પાલક-૬૦૦-૭૦૦

**રાજુલાયાર્ડ**
- બાજરો-૪૪૧-૫૩૪
- ચણા
- ઘઉં-૫૦૦-૬૩૦
- જુવાર-૫૩૦-૮૪૨
- કપાસ-૧૦૫૦-૧૫૨૫
- તલસફેદ-૨૨૫૦-૨૭૦૦
- જીરૂ-
- અજમા-૨૧૦૦-૨૧૦૦
- સોયાબીન-૮૧૦-૮૧૦
- શીંગદાણા-

**મહુવાયાર્ડ**
- ઘઉં-૪૮૦-૬૪૯
- ડુંગળીલાલ-૧૨૮-૯૫૧
- ચણા-૧૧૬૬-૧૪૩૬
- તલસફેદ-૨૦૦૦-૨૫૧૬
- અડદ-૧૨૦૦-૧૫૩૦
- મકાઈ-૫૨૨-૫૨૨
- શીંગ-૧૫૦૦-૧૭૬૧
- ડુંગળીસફેદ-૧૫૦-૬૭૩
- નાળીયેર-૨૭૦-૨૭૦૦
- બાજરી-૪૫૨-૪૯૪
- જુવાર-૪૦૦-૮૨૦
- મગ-૯૯૦-૧૮૭૦

**બાબરા**
- કપાસ-૧૩૪૦-૧૬૨૧
- ઘઉં-૪૪૫-૫૭૬
- મગ-
- જીરૂ-
- અડદ-૧૨૯૦-૧૬૨૫
- તલસફેદ-૧૯૨૦-૨૪૦૦

- મગફળી-

**ધારી**
- કપાસ-
- બાજરો-
- મગફળી-
- અડદ-
- ચણા-
- ઘઉં-
- ધાણા
- તુવેર-
- શીંગફાડા-
- સોયાબીન-
- મગફળી-

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
- શીંગમોટી-૬૦૦-૧૧૬૫
- શીંગજીણી-૬૫૦-૯૦૦
- જીરૂ-૪૩૦૦-૪૭૦૦
- તલસફેદ-૨૦૫૦-૨૬૦૭
- કપાસ-૧૩૦૦-૧૬૧૦
- ઘઉંલોકવન-૪૯૦-૫૮૧
- જુવાર-૪૫૦-૭૦૦
- ઘઉંટુકડા-૫૧૧-૫૯૮
- ચણા-૧૩૫૨-૧૪૪૨
- ધાણા-૯૭૧-૧૦૨૦
- તુવેર-૧૨૪૦
- બાજરો-૪૪૨-૪૮૦
- એરડી-૧૧૫૧

**ખાંભા**
- કપાસ-૧૧૭૦-૧૪૮૧
- મગફળી-૮૦૦-૮૦૦
- તલસફેદ-૨૩૫૧-૨૩૫૧
- બાજરો-૩૪૧-૩૪૧
- જુવારસફેદ-૬૦૦-૬૦૦
- ઘઉં-૪૫૪-૫૧૧
- સોયાબીન-

**બગસરા**
- કપાસ-૧૨૦૦-૧૫૨૩
- અડદ-૧૧૭૦-૧૧૭૦
- મગફળી-૬૦૦-૯૬૦
- ધાણા-૧૧૩૫-૧૨૨૫
- તલસફેદ-૨૨૨૫-૨૪૩૩
- બાજરો-૪૦૧-૪૦૧
- શીંગદાણા-૧૦૫૦-૧૦૫૦
- મેથી-૧૦૦૦-૧૦૪૨
- ચણા-૧૩૦૫-૧૩૮૫
- સોયાબીન-૮૬૩-૮૬૫
- ઘઉં-૫૦૫-૫૩૭
- તુવેર-૧૦૫૦-૧૦૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
- ચીકુ-૭૦૦-૧૦૦૦
- દાડમ-૧૦૦૦-૨૮૦૦
- મુસંબી-૩૭૦-૭૦૦
- સંતરા-૨૪૦૦-૩૫૦૦
- કીવી-૫૦૦૦-૬૦૦૦
- ડ્રેગન ફ્રુટ-૨૦૦૦-૩૪૦૦
- અનાનસ-૧૨૦૦-૧૬૦૦
- જામફળ-૧૦૦૦-૧૫૦૦
- કેળા-૪૦૦-૫૪૦
- પોપૈયા-૬૦૦-૯૦૦
- તડબુચ-૨૦૦-૩૨૦
- સફરજન હિમાચલ-૧૨૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ામ તાપમાન ૩૨.૨
ન્યુનતમ તાપમાન ૨૫.૩
ભેજનું પ્રમાણ ૮૯
પવનની ગતિ સરેરાશ ૪.૮

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125


- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
પાના નં ૬
તા.૨૬-૦૯-૨૦૨૪ ગુરૂવાર





(બાબરાવાળા)
**આનંદ** કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## ધારીમાં નિદાન પ્લાસ્ટિક સર્જરી કેમ્પ યોજાયો



ધારી,ધારીની સેવાકીય સંસ્થા બજરંગગ્રુપ દ્વારા ફાટેલા હોઠ તેમજ ચહેરાની ખોડ અને ફાટેલા તાળવા અને હોઠ જે લોકોને જન્મ જાત ન હોય તેવા બાળકો દર્દીઓ માટે વિનામૂલ્યે નિદાન તેમજ પ્લાસ્ટિકસર્જરી કરી ઓપરેશન કરી બાળકો સ્માઈલ કરી શકે અને બોલી શકે એ માટે કેમ્પનું આયોજન ધારી ખાતે રાખવામાં આવેલું હતું. આ મેડિકલ કેમ્પમાં ખૂબ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા ત્યારે અમદાવાદના નિષ્ણાંત ડો. રિષભ શાહ ડો. જયભાઈ તેમજ શ્રી હરીશભાઈ જાધવ તેમની ટીમ દ્વારા આ કેમ્પમાં ભાગ લેનાર દરેક દર્દીઓને તપાસ કરી જરૂરી સૂચન કરવામાં આવ્યું હતું.

## મુંબઇના ભાગવત પ્રવકતા શાસ્ત્રી આદિત્યભાઇ વિદેશની ધર્મયાત્રાએ

ભાવનગર,(મનિષ દવે)પુષ્ટી સંપ્રદાયનું ગૌરવ મુંબઈના યુવા ભાગવત પ્રવકતાં પુ. આદિત્યભાઈ શાસ્ત્રીજી ભારતીય સંસ્કૃતિના પ્રચાર પ્રસાર અર્થે ૩૦ ઓગષ્ટથી ૧૫ સપ્ટેમ્બર સુધી સેનફ્રાન્સીસકો, ઓરલાન્ડો, ફલોરીડા, ન્યુ જર્સી, વર્જીનીયાની ધર્મ યાત્રાએ ગયા હતાં.

### વરસાદ ખેંચાતા સિંચાઇના પાણી પ્રશ્ને માર્કેટ યાર્ડના ચેરમેન શ્રી જીજ્ઞેશ પટેલ દ્વારા રજુઆત થતાં

## રાજુલામાં ધાતરવડી સિંચાઇ યોજનાની કેનાલમાંથી પાણી છોડાયું

### પાણી છોડાતાં કપાસ અને મગફળીના પાકને જીવનદાન મળશે : ધારાસભ્યશ્રી સોલંકીની રજુઆત સફળ





રાજુલા, (કનુભાઈ વરૂ)રાજુલા તાલુકામાં વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ભારે પડતા કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યું.ડેમમાંથી ઓવર ફ્લોનું પાણી કેનાલમાં છોડવા માટે ખેડૂતોની માંગણી હતી માર્કેટિંગ યાર્ડના ચેરમેન દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. પાણી છોડતા ખેડૂતોને હવે ૯૦% પાક નો ફાયદો ૧૫ ગામના ખેડૂતો થશે.રાજુલા તાલુકામાં છેલ્લા ૨૦ દિવસથી વરસાદ ખેંચાતા ખેડૂતોમાં ભારે ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું માર્કેટિંગ યાર્ડના ચેરમેને ડેમમાંથી કેનાલમાં પાણી છોડવા માટે રજૂઆત કરી હતી.જાણવા મળતી વિગત મુજબ રાજુલા તાલુકાના ખેડૂતોએ કપાસ અને મગફળીનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું છે અસંખ્ય ગામમાં વરસાદ ખેંચાતા ઉભા પાક ઉપર સંકટ ઉભું થયું છે અને કપાસમાં જીંડવા મુકવાનો સમય અને સિંગમાં દોડવા મુકવાનો સમય ટાંકણે જ તંગી હતી.આ બાબતે ગંભીર ગણી તાત્કાલિક ખેડૂતો રજૂઆતરાજુલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તેમજ કાર્યપાલક ઈજનેર અને નાયબ કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગને પત્ર પાઠવી રજૂઆત કરી હતી જેના અનુસંધાને ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ધાતરવડી સિંચાઈ યોજના એક નીચે આવતા ગામોમાં ઓવરફ્લો થયેલું પાણી હાલમાં દરિયામાં રહ્યું છે ત્યારે આ પાણી દરિયામાં ભળી જાય છે અને ફ્લો નું પાણી માથેથી જઈ રહ્યું છે.કેનાલ નીચે આવતા ધારેશ્વર દીપડીયા નાની રીંગણીયાળા નવી જૂની માંડરડી વડલી ચારોડીયા રાજુલા ઝાંઝરડા બરફટાણા વાવેરા જાપોદર અંદાજે ૧૩ ગામોમાં ખેડૂતોને ખેતરમાં વાવેતર કરેલો કપાસ મગફળી સોયાબીન વગેરે પાકને પાણી મળી રહે માટે હાલમાં વરસાદ ખેંચાતા આ ખેડૂતોનો પાક બચી જાય તે માટે આ ડેમનું ઓવર ફ્લો થયેલું પાણી કેનાલમાં છોડાવવામાં આવે જેથી ખેડૂતોના હિતમાં તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા માટે પત્ર પાઠવી રજૂઆત .જેના અનુસંધાને આજરોજ ખેડૂતોના હિતમાં કેનાલમાંથી પાણી છોડવામાં આવ્યું હતું જેનાલમાં પાણી છોડતા પહેલા શિવજીની પૂજા કરી હતીઆ રાજીપો રાજુલા ખાંભા સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયારમેશભાઈ વસોયા હરેશભાઈ કાછડ પૂર્વ યાડ ના ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા રાજુભાઈ પરસાણા સંઘના સંઘના ઉપપ્રમુખ ભુપેન્દ્રભાઈ કોટીલા તથા જીવકુભાઈ ખુમાણ સાહિત્ય રાજીપો વ્યક્ત કર્યો હતો શ્રી કે જી જાની સી એસ જોશી એમ બી કલસરિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા તેમ માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી પટેલે અખબારી યાદીમાં જણાવ્યું હતું.

## બગસરામાં આશિષ શરાફી મંડળીની પાંચમી વાર્ષિક સાધારણ સભા યોજાઇ



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) શ્રી આશિષ શરાફી સહકારી મંડળી લી. બગસરાની પાંચમી વાર્ષિક સાધારણ સભા સ્થાપક ચેરમેનશ્રી અનિલકુમાર શેખના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં વિવિધ મંડળીના ચેરમેનશ્રીઓ, સહકારીક્ષેત્રના આગેવાનો, રાજકીય આગેવાનો, વેપારી આગેવાનો, મંડળીના ડિરેક્ટરશ્રીઓ તથા સભાસદ ભાઈઓ અને બહેનોની વિશાળ હાજરીમાં સતવારા સમાજની વાડીએ બગસરા મુકામે શ્રીઆશિષ શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાયેલ જેમાં મંડળી દ્વારા સને -૨૦૨૩/ ૨૦૨૪ માં કરાયેલ કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવેલ તેમજ સભાસદોને ૭% ડિવિડન્ડની જાહેરાત કરેલ તેમજ ચેરમેનશ્રી અનિલ કુમાર શેખે સર્વે સભાસદો, ડિરેક્ટરશ્રીઓ તેમજ આમંત્રિત મહેમાનોનો અંતઃપૂર્વક આભાર વ્યક્ત કરેલ તેમજ કર્મચારીઓની કામગીરીને બીરદાવેલ.

## જાફરાબાદના વાપાળીયા નજીક સ્કુલનો રોડ સાવ બિસ્માર બન્યો

### મહત્વના રસ્તાની બિસ્માર હાલતને કારણે વાહનચાલકો, રાહદારીઓ હેરાન



રાજુલા, (કનુભાઈ વરૂ)

જાફરાબાદ તાલુકાના વાપણીયા બાજુ આવેલ સરકારી સ્કૂલના રોડ રસ્તાઓ અતિશય ખકડધજ હાલતમાં હોય અહીં મહત્વની સ્કુલ ઓફ આવી હોવા છતાં પણ તંત્ર ધ્યાન ઉપર લેતું નથી અહીં સરકારી અને કોમર્સ કોલેજ તથા સરકારી આરટીઆઈ, તથા મોડલ સ્કૂલ તથા ગર્લ્સ હોસ્ટેલ વિગેરે શૈક્ષણિક સંસ્થાઓ આવેલી હોય આ સરકારી સ્કૂલોમાં હજારો વિદ્યાર્થીઓ અવરજવર કરે છે. આટલી મોટી અને મહત્વની સ્કુલ ઓ આવેલ હોવા છતાં તે સ્કૂલ સુધી જોડતો રોડ સાવ બિસ્માર હાલતમાં હોય આ બાબતે ત્રણેય સ્કૂલ ના શિક્ષકો આ રોડ બાબતે લાગતા વળગતા ખાતાઓમાં લેખિત રજુઆત તથા લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ આ ખકડધજ રોડ બાબતે નોંધ લેવામાં આવતી નથી જેની જવાબદારી આવે છે. તે ખાતું આંખ આડા કાન કરતું હોય તેવું અહીં જોતા લાગી રહ્યું છે. આ એકદમ સાવ ખરાબ હાલતમાં રોડ હોય અને મસમોટા ખાડા લોખંડનાં સળીયા નીકળી ગયા હોવાથી કોઈ ટુવ્હિલર ચાલકના વીલ માં આવી જાય અને ટુ વ્હીલર ચાલકનું ઘટનાસ્થળે કોઈ મોટી દુર્ઘટના ઘટે તેવી હાલતમાં રોડના સળીયાઓ દેખાય રહ્યા છે. અને રોડ તથા જિલ્લા પંચાયત વિભાગ દ્વારા ગંભીરતા લઈ રોડ બનાવવા માટે ગંભીર બને અને વિધાર્થીઓ આવા અતિશય ખકડધજ રોડ લીધે કોઈ મોટી જાનહાનિ ના સર્જાય તે પહેલાં સારી ગુણવત્તા વાળો રોડ બનાવવા મા આવે જેથી કરીને વિધાર્થીઓ મુશ્કેલી ન પડે તે ધ્યાને લેવું જરૂરી છે.

## અમરેલીમાં લોકસાહિત્ય સેતુના દશાબ્દિ વાર્ષિક દિનની ઉજવણી

### લોકસાહિત્યકારો, લોક ગાયકો સહિત આગેવાનોની ઉપસ્થિતિ



અમરેલી,

પરમ પૂજ્ય સંત શિરોમણી શ્રી મોરારીબાપુના રુડા આશીર્વાદ અને સ્વર્ગસ્થ પ્રતાપભાઈ પંડ્યા ના રૂડા સૌજન્યથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુ સંસ્થા સફળતાપૂર્વક ૧૦ વર્ષ પૂર્ણ કરેલ છે દશાબ્દિ વાર્ષિકદિનની ભવ્યાથી ભવ્ય ઉજવણી સારહી તપોવન વૃદ્ધાશ્રમના વિશાળ પ્રાર્થના હોલમાં આવે પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ જોશીએ આજના વાર્ષિકદિનના કાર્યક્રમ અંગે વિગતવાર છણાવટ કરી કાર્યક્રમ અંગે સૌને વાકેફ કર્યા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ગોવિંદભાઈ ગોંડલીયા એ પધારેલા સહુ મહેમાનોને શાબ્દિક આવકાર આપ્યો ટૂંકા ગાળામાં સંપૂર્ણ સુવિધા યુક્ત વિશાળ પરિસરમાં કાર્ય સહયોગ અને પુરુષાર્થથી સારહી તપોવન વૃદ્ધાશ્રમ નું કરી સમાજને સમર્પિત કરનાર હોનહાર યુવાન શ્રી મુકેશભાઈ સંઘાણી ના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં સેવારત્ન આદરણીય શ્રી ડોક્ટર જી જે ગજેરા સાહેબ મુખ્ય મહેમાન પદે લોક સાહિત્ય સેતુ ના કલાકારો સર્વશ્રી ચંદ્રકાંતભાઈ બારોટ ઉર્વશીબેન બારોટ કેવલભાઈ રોકડ સંજયભાઈ વાળોદર બીનાબેન શુક્લા જીલ બેન જોશી રમેશભાઈ જાદવ તનાક્ષી બેન ભરતભાઈ અગ્રાવત જેવા કલાકારોએ પોતાની કલાથી સૌને રસતરબોળ કર્યા ઉપસ્થિત મહેમાનોના વરદ હસ્તે કલાકારોને પુરસ્કૃત કરવામાં આવ્યા આ પુરસ્કાર નું સૌજન્ય જગ પ્રસિદ્ધ શીતલ આઈસ્ક્રીમ ના માલિક ભુપતભાઈ ભુવા તથા દિનેશભાઈ ભુવા રહ્યા સેવા રત્ન ડોક્ટર જીજે ગજેરા સા રહી તપોવન વૃદ્ધાશ્રમ સમાજને અર્પણ કરનાર શ્રી મુકેશભાઈ સંઘાણી તેમજ મુકુંદભાઈ મહેતા નું શાલ પુષ્પગુચ્છ થી ભવ્યાતી ભવ્ય સન્માન કરવામાં આવ્યું આજના સમારંભમાં લોકસાહિત્ય સેતુના ઉપપ્રમુખ શ્રી ગોવિંદભાઈ ગોંડલીયા ખજાનચી શ્રી હસુભાઈ જોશી મંત્રી શ્રી ગોરધનભાઈ સુરાણી સદસ્ય શ્રી મહેન્દ્રભાઈ શુક્લ પ્રખર જ્યોતિષી શ્રી રજનીભાઈ ભટ્ટ વરસડા દરબાર શ્રી દેવકુભાઈ વાળા નિવૃત્ત પોલીસ અધિકારી શ્રી લવજીભાઈ ચાવડા અમરેલી પટેલ મંત્રી આદરણીય શ્રી નારણભાઈ ડોબરીયા બાહોશ લેબોરેટેશન શ્રી પંકજભાઈ જોશી તપોવન વૃદ્ધાશ્રમના તમામ વૃદ્ધો તેમજ શહેરમાંથી પધારેલા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત લોકસાહિત્ય સેતુના સદસ્યશ્રીઓ એ ભારે મોજ કરી પ્રાસંગિક વક્તવ્યમાં ડોક્ટર ગજેરા સાહેબે પોતાનો આનંદ વ્યક્ત કરી સંસ્થાની આવી સુંદર પ્રવૃતિ બદલ ધન્યવાદ આપ્યા અને દરેક બેઠકમાં ઉપસ્થિત રહેવાની ઈચ્છા આદરણીય શ્રી મુકેશભાઈ સંઘાણીએ પ્રતિભાવમાં સારહી વૃદ્ધાશ્રમ આવા કાર્યક્રમ નિયમિત યોજવા આમંત્રણ આપ્યું હંમેશ માટે હૃદયના ભાવથી કલાકારોને પ્રેમ કરી અને પ્રોત્સાહન પૂરું પાડનાર દાતા સ્વર્ગસ્થ પ્રતાપભાઈ પંડ્યા તેમ જ અમેરિકા સીટ તેમના સુપુત્રી મનીષાબેન પંડ્યા ને સભામાં સહુએ ભક્તિપૂર્વક યાદ કર્યા તાજેતરમાં અમરેલીના સાહિત્યકાર ઈતિહાસવીદ સ્વ વ્યાસ ના દિવ્ય આત્માને ભોળાનાથ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી વિશાળ સંખ્યાના ભાવકોને દાતા શ્રી મુકુંદભાઈ મહેતા તરફથી ગરમાગરમ ભજીયા પીરસવામાં આવ્યા કાર્યક્રમને અંતે લોકસાહિત્ય સેતુના મંત્રી શ્રી ગોરધનભાઈ સુરાણીએ પોતાની આગવી શૈલીમાં આભાર દર્શન કર્યું.

## વંડા હાઇસ્કુલમાં પોક્સો સેમિનાર યોજાયો



અમરેલી, શ્રી પી.પી.એસ હાઈસ્કૂલ-વંડામાં POCSO એક્ટ અંતર્ગત સેમીનારનું આયોજન તા. ૨૧ સપ્ટેમ્બર ૨૪ ના શ્રી પી.પી.એસ હાઈસ્કૂલ-વંડામાં POCSO એક્ટ અંતર્ગત સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતમાં યૌન શોષણના લાખો કેસ નોંધાય છે. ગુજરાતમાં ૨૦૨૩-૨૪માં દરરોજ બળાત્કારના સરેરાશ છ કેસ નોંધાય છે. મહિલાઓથી લઈને નાની છોકરીઓ જાતીય સતામણી જેવી ઘટનાઓનો ભોગ બની રહી છે. સગીર છોકરીઓને આવી ઘટનાઓથી બચાવવા માટે પોક્સો એક્ટ (pocso act) લાવવામાં આવ્યો છે. POCSO એક્ટ- પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ તેને ચાઈલ્ડ સેક્સ્યુઅલ ઓફેન્સ પ્રોટેક્શન એક્ટ પણ કહેવામાં આવે છે. જે અન્વયે એડવોકેટ નિશા મુકેશભાઇ વિરાણી -બાઢડા(શ્રીધર કન્સલ્ટીંગ) દ્વારા શ્રી પી.પી.એસ હાઈસ્કૂલ-વંડાની ૨૦૦ જેટલી યુવા વિધાર્થીની બહેનોને POCSO એક્ટ અંતર્ગત સમ્પુર્ણ માહીતી પુરી પાડવામાં આવી હતી. જે બદલ શાળાના આચાર્યશ્રી એ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મોવીયા સંતોષી માતાના મહંત ચંદ્રેશબાપુનો ૨૭મીએ જન્મ દિવસ

ભાવનગર, (મનિષ દવે)ગોંડલ નજીક મોવીયા ગામે સંતોષી માતાજીના મંદિરના ક્રાંતિકારી મહંત પુ. ચંદ્રેશબાપુનો તા. ૨૭ સપટેમ્બરના જન્મદિવસ છે.

## તોરી પ્રા. શાળાના શિક્ષકોની બદલી થતા વિદાય આપી

### શાળા દ્વારા શિક્ષકોની કામગીરી બિરદાવી સન્માન સાથે વિદાયમાન આપ્યું



તોરી,(વિનુભાઈ કોટડીયા)

વડીયા કુંકાવાવ તાલુકાના તોરી ગામે બી.વી.કોટડીયા પે.સેન્ટર શાળાના શિક્ષક શ્રી રાજુભાઈ વઘાસીયા, શ્રીમતી દયાબેનએ શાળામાં ૨૨ વર્ષથી શિક્ષક તરીકે કામગીરી કરેલ તેની બદલી સનાળી ગામે થતા વિદાયમાન સમારોહ યોજાતા સ્ટાફ દ્વારા નાળીયેર, સાકરપડો આપી વિદાય આપી હતી. વિદ્યાર્થીઓએ મીઠાઈ આપી વિદાયમાન આપ્યુ હતુ. તોરી આઝાદ યુવક મંડળના પ્રમુખ વિનુભાઈ કોટડીયા અને મનુભાઈ સાવલીયાએ શાલ ઓઢાડી પત્રીકા સાથે કેરી બેગ આપી વિદાય આપી હતી. શ્રી કોટડીયાએ શિક્ષણમાં વિદ્યાર્થીઓ સાથે આત્મીય સબંધોને બિરદાવી ભાવુક બની વિદાય આપી હતી.

## રાજુલામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી લેતી પોલીસ

### વોરંટ આધારે શોધખોળ દરમિયાન મળી આવતા અમરેલીને સોંપ્યો



રાજુલા,

ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમાર ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા શરીર સબંધી ગુનાઓના આરોપીઓને શોધી કાઢવા સુચના આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તેમજ મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈદ્ય સાવરકુંડલા વિભાગનાઓએ નાઈટ તથા દિવસ દરમ્યાન અસરકારક શરીર સબંધી ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ.જે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ.કોલાદરા નાઓની અસરકારક પેટ્રોલીંગ ફરી, વાહન ચેકીંગ કરી વાહન ચાલકોની પુછપરછ કરી ગુન્હો કરી નાસતા ફરતા આરોપીઓને પકડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન બાતમી રાહે હકીકત મેળવી રાજુલા પોલીસ સ્ટેશનના નાસતા ફરતા આરોપી જકાતનાકા પાસે ઉભેલ હોય જે હકીકત આધારે આગરીયા જકાતનાકે આરોપી મનસુખભાઈ હરજીભાઈ ગુજરીયા ઉ.વ.૨૬ ધંધો.પ્રા.નોકરી રહે. રાજુલા નચિકેતા હોસ્ટેલ મુળ રહે. ચાંચ ગામ દાડમા વિસ્તાર તા.રાજુલા જી.અમરેલીવાળાને રોકી પુછ-પરછ કરી ઉંડાણ પુર્વક ખરાઈ કરતા મજકુર શખ્સ વિરૂધ્ધ રાજુલા નામદાર સેશન્સ કોર્ટનું B.N.S.S.એક્ટ કલમ-૭૨ મુજબનુ વોરંટ નીકળેલ જે આરોપી વિરૂધ્ધમા રાજુલા પો.સ્ટે.ભાગ ‘બી‘ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૪૦૨૪૬/૨૦૨૪ B.N.S કલમ ૧૧૫(૨),૫૪ તથા જુવેનાઈલ જસ્ટીસ એક્ટ કલમ.૭૫ તથા અનુસુચિત જાતી તથા અનુસુચિત જનજાતી અત્યાચાર નિવારણ અધિનિયમ ૧૮૮૯ના સુધારણા અધિનિયમ ૨૦૧૫ની કલમ ૩(૧) (આર) (એસ) ૩,(૨)(૫-અ) મુજબનો ગુન્હો રજી. થયેલ હોય જેથી ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીને પકડી પાડી હસ્તગત નાયબ પોલીસ અધિક્ષક પી.આર.રાઠોડ સા.એસ.સી/એસ.ટી.સેલ અમરેલીનાઓને સોપી આપી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી રાજુલા પોલીસ ટીમ.આ કામગીરી રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા તથા સર્વેલન્સ કોર્ડના અના.હેડ.કોન્સ.મધુભાઈ નથુભાઈ તથા અના હેડ કોન્સ.હરપાલસિંહ વિક્રમસિંહ ગોહિલ અના.હેડ. કોન્સ .હરેશભાઈ ભાયાભાઈ વાળા તથા પો.કોન્સ.ધનશ્યામભાઈ હસમુખભાઈ મહેતાનાઓ દ્વારા કરવામાં આવેલ છે.

## મહુવા કન્યા વિદ્યાલયમાં સેમિનાર યોજાયો

### આઇપીએસશ્રી અંશુલ જૈનના સુચનથી આયોજન



મહુવા,(નિતેશ ગોસ્વામી)હાલનાં સમય પ્રમાણે દિકરીઓની સુરક્ષા,સલામતી રાખવી ખૂબ જરૂરી બની ગઈ છે.તેને ધ્યાનમાં લઈને જગદંબા ગૃપ-મહુવા દ્વારા શ્રી.મ.ના.મહેતા કન્યા વિધાલયમાં એક સેમિનાર યોજાયો હતો.તેમાં મહુવા ના IPS શ્રી અંશુલ જૈનના સુચન થી PSI શ્રીમતિ ભાનુમતિબેન ચુડાસમા મેડમે દિકરી ઓને સેલ્ફ ડીફેન્સ તેમજ સાથે સાથે જીવનમાં માતા - પિતા નું મહત્વ શું હોય છે તે પણ પોતાની આગવી છટાથી સંસ્કારનું સિંચન પણ કરાવ્યુ હતું.આ સેમિનારની શરૂઆત માં PSI શ્રી ભાનુમતિબેન ચુડાસમા મેડમ નું પ્રભાબેન માણીયા તથા અસીમ ચૌહાણએ પુષ્પ ગુચ્છ થી ઉષ્મા ભેર સ્વાગત કર્યુ હતું.આ સેમિનાર ની સંપૂર્ણ રીતે સાથ સહકાર મ.ના.મહેતા કન્યા વિધાલય ના આચાર્ય શ્રી તેમજ શિક્ષક સ્ટાફે આપ્યો હતો.

## ડેડાણમાં જાહેર બોર્ડ મુકી દારૂ પીવા દીવ જવાની જરૂર નથી તેવો બોર્ડ ફોટો વાયરલ કરનારને પકડી પાડયા

### ખાંભા પોલીસે બોર્ડ મુકી વાયરલ કરનાર સામે ગુનો નોંધ્યો



અમરેલી,

તાજેતરમાં ગઈ તા.૧૭/૦૯/૨૦૨૪ ના રોજ સોશ્યલ મીડીયામાં ખાંભા તાલુકાના ડેડાણ ગામનો એક કાળા કલરના બોર્ડ અંગેનો ફોટો વાયરલ થયેલ છે, જેમાં દારૂ માટે દિવ જવાની જરૂર નથી દારૂ ડેડાણમાં મળી જશે પોલીસ હપ્તા આપી ધંધો કરેસેના શિષેક હેઠળ ફોટો વાયરલ થયેલ હોય, ઉપરોક્ત વિગતમાં જણાવ્યા મુજબના વાયરલ થયેલ જાહેર બોર્ડ અંગેના ફોટાઓ તેમજ મેસેજ બાબતે તપાસ કરતાં વાયરલ થયેલ ફોટો ખાંભા તાલુકાના ડેડાણ ગામનો હોય અને તે બોર્ડમાં કથીત રીતે દારૂની ભટ્ટી ચલાવી વેચનાર શખ્સોના નામ લખેલ હોય જે અનુસંધાને મહે.પોલીસ અધિક્ષક સા.અમરેલી તથા મદદનીશ પોલીસ અધિક્ષક સા.કુંડલા વિભાગ સા.કુંડલાનાઓનો તરફથી થયેલ સુચનાઓ મુજબ બોર્ડમાં જણાવેલ શખ્સોને ત્યાં રેઈડ કરતા પ્રોહી લગત કોઈ વાધા જનક ચિજ વસ્તુ મળી આવેલ ન હોય, જેથી કોઈક શખ્સે પોલીસની કામગીરી બાબતે ખોટા આક્ષેપો કરી લોકોને ગેરમાર્ગે દોરવાના હેતુથી તેમજ બદનામ કરવાના ઈરાદાથી તેમજ પોલીસની પ્રતિષ્ઠાને હાની પહોંચાડી તેમની છબીને ખરાબ કરવાના હેતુસર તેમજ બોર્ડમાં લખેલ ઈસમોને બદનામ કરવા આ જાહેરમાં બોર્ડ મુકવામાં આવેલ છે, જેથી બોર્ડ મુકનાર શખ્સની તપાસ કરવી ખુબ જ જરૂરી હોય. જે અન્વયે, બોર્ડ મુકનાર શખ્સની હ્યુન તેમજ ટેકનીકલ સોર્સીસના માધ્યમ દ્વારા તપાસ કરાવતા ધ્યાને આવેલ કે તે બોર્ડ તા.૧૭/૦૯/૨૦૨૪ ના ૬.૦૫.૦૭ વાગ્યે, પ્રવિનભાઈ નામથી સેવ નંબર વાળા વ્યક્તિએ ગ્રુપમાં મુકી વાયરલ કરેલ, જે વ્યક્તિ પોતે જાણકાર વ્યક્તિ હોય, અને તે બોર્ડ વાયરલ કરવાથી લોકોમાં રોષ ફેલાઈ અને સુલેહ શાંતિનો ભંગ થાય તેવાં ઈરાદે તેમજ ખાંભા તાલુકાની પોલીસની પ્રતિષ્ઠાની છબી ખરડાવી તેમજ કામગીરી બાબતે હાની પહોંચાડવાના ઈરાદે તેમજ બે કોમો વચ્ચે સુલેહ શાંતિનો ભંગ થાય એવું અથવા જેનાથી ભંગ થવાનો સંભવ છે. એવું જાણીજોઈને કૃત્ય કરી તેમજ ખોટી માહીતી અફવા બોર્ડના માધ્યમથી પ્રસિધ્ધ કરી વાયરલ કરેલ હોય. જે વાયરલ કરનાર શખ્સ પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર વાળાની વિરુધ્ધમાં ખાંભા પો.સ્ટે.પાર્ટ(એ)ગુ.ર.નં.૧૧૧૯૩૦૨૭૨૪૦૩૨૯/૨૦૨૪ બી.એન.એસ કલમ ૧૯૬(૧) (એ), (બી), ૩૫૬(૧), ૩૫૩(૧)સી, ૩૫૩(૨), ૨૧૭(એ), મુજબનો ગુન્હો દાખલ કરી ગુન્હા સંબધીત મજકુરની પુછપરછ દરમ્યાન બોર્ડ લખી મુકી અને વાયરલ કરવામાં તેમને રાજુ અબ્દુલભાઈ નાગરીયા તથા શાહરૂખાન ઓસાભાઈ પઠાણ નામના ત્રણેય શખ્સોએ ભેગા મળી બોર્ડ મુકી વાયરલ કર્યા હોવાનું તપાસ દરમ્યાન જણાવેલ છે તેમાંથી પ્રવિણભાઈ કાનાભાઈ પરમાર અને રાજુભાઈ અબ્દુલભાઈ નાગરીયા ઝડપાય ગયેલ છે. અને શાહરૂખખાન ઓસાખાન પઠાણની શોધખોળ ચાલુ છે. આ ઉપરાંત જાહેર જનતાને ખાંભા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવે છે, કે આવા પ્રકારના ખોટા વિડીયો તથા ખોટા મેસેજ વાયરલ ન કરી સાવધાન રહેવા માટે ખાંભા પોલીસ દ્વારા જાણ કરવામાં આવે છે.ખાંભા પોલીસ સ્ટેશન-૦૨૭૯ ૭૨ ૬૦ ૫૦૩,જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમ નંબર- ૦૨૭૯૨ ૨૨૩૪૯૮ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

